# ડાંગરની ખેતી

**ડાંગરની સુધારેલી જાતો** :

**રોપાણમાટે :**



**વહેલી પાકતી જાતો** (૮૦-૧૦૦ દિવસ):,જીઆર-૩,૪,જીઆર-૬,૭,જીઆર-૧૨, ગુર્જરી, આઇઆર-૨૮,જીએઆર-૩.

**મધ્યમ મોડી પાકતી જાતો**(૧૦૦ -૧૨૦ દિવસ): જીઆર-૧૧(ગુ-૧૭ જયા, જીઆર- ૧૦૩, આઈઆર-૨૨,દાંડી .

**મોડી પાકતી જાતો** (૧૩૦-૧૪૦ દિવસ): જીઆર-૧૦૧,૧૦૨, ૧૦૪,મસુરી

**ઓરાણ માટે** : જીઆર-૩,૫,૮,૯,આઈઆર-૨૮

**જમીન :** રોપાણ માટે ક્યારીવાળી જમીન જરૂરી છે.ડાંગર માટે જમીન ફળદ્રુપ, સમતળ,ગોરાળુ,મધ્યમ કાળી જમીન વધુ અનુકુળ આવે છે.

ઓરણ માટે ઢાળ વાળી જમીન હોય તો ઢાળની વિરુદ્ધ દિશામાં ચાસ કાઢીને વાવેતર કરવુ જોઇએ.

**જમીનની તૈયારી :** ટ્રેકટરથી અથવા હળથી એક વેંત જેટલી (૬-૮ ઈંચ) ઉંડાઇવાળી ઉભી અને આડી ખેડ કરવી,જેથી જમીનમાં રહેલા રોગના જીવાણુઓ તથા જીવાતના ઈંડા નાશ થાય અને જમીનમાં ભેજ સંગ્રહ થાય.આ ઉપરાંત અગાઉ કરેલ પાકના જડીયા,કચરો વીણીને ખેતર સાફ કરવું જેથી ઉધઇ થી બચી શકાય. એક એકરમાં ૧૦ ગાડા છાણીયું ખાતર નાખીને ઉભી- આડી ખેડ કરવી અને સમાર મારીને જમીન તૈયાર કરવી.

**એક એકર માટે કેટલુ બીયારણ જોઇશે ? :** રોપાણ માટે એક એકરમાટે ૮ થી ૧૦ કીલો બિયારણ જોઇએ. ઓરાણ માટે એક એકરમાટે ૨૫ કીલો બિયારણ જોઇએ.

**વાવણીનો સમય** : ડાંગરનો પાક ચોમાસામાં અને ઉનાળામાં એમ બે વખત લઇ શકાય છે.ચોમાસામાં મોડામાં મોડી જુલાઇ માસ માં શ્રાવણમાસ પહેલા રોપણી થઇ જવી જોઇએ.ઓરાણ ડાંગરની વાવણી ચોમાસાની શરૂઆતમાં જુન માસમાં થઇ જવી જોઇએ.

**બીજની માવજત** : એક કીલો બિયારણ દીઠ ૩ ગ્રામ કાર્બેન્ડીઝમ અથવા થાયરમ અથવા એમિસાન દવાનો પટ આપવો.બિયારણને એઝોટોબેકટર કલ્ચર એક પેકેટ પ્રતિ ૧૦ કીલો બિયારણ લેખે પટ આપવો.

**વાવણી અંતર:** રોપાણ ડાંગરની જાતો માટે હાર વચ્ચે પોણો ફુટ અને બે છોડ વચ્ચે અડધા ફુટના (૧૮× ૧૨સેમી.) ગાળે રોપાણ કરવું જોઇએ.ઓરાણની જાતો માટે એક થી દોઢ ફુટના ગાળે વાવણી કરવી જોઇએ.

**ખાતરો :**

**રોપાણ ડાંગર માટે** : જમીન ચકાસણી કરાવ્યાબાદ યુનિવર્સીટીની ભલામણ મુજબ ડાંગરના પાકમાં એક એકરે એમોનીયમ સલ્ફેટ અને યુરિયાને પાયામાં, ફૂટ વખતે અને દાણાં દુધે ભરાય ત્યારે એમ ત્રણ હપ્તામાં આપવું.



**ઓરાણ ડાંગર માટે:** જમીન ચકાસણી કરાવ્યાબાદ યુનિવર્સીટીની ભલામણ મુજબ પાક માટે એક એકરે નાઇટ્રોજન ફોસ્ફરસ પાયામાં આપવુ અને વાવણીના ૩૦-૪૦ દિવસ બાદ નાઇટ્રોજન આપવું.નાઇટ્રોજન એમોનિયમ સલ્ફેટના રૂપમાં આપવું.

**આંતરખેડ અને નિંદામણ** : જરૂરીયાત મુજબ રોપાણ ડાંગરની કયારીમાં ચાલીને નિંદામણ હાથથી કરવુ જેથી નિંદામણ કરવાની સાથે સાથે માણસોના પગ મારફત ડાંગરના મુળીયા તુટશે તેથી ડાંગરની ફુટ વધુ આવશે.ઓરાણ ડાંગરમાં કરબડીથી ૩-૪ વાર આંતરખેડ કરીને નિંદામણ કાઢી લેવું.

ધરૂવાડીયામાં નિંદામણ નિયંત્રણ માટે વાવણીના બીજે દિવસે એકરે ૬૦૦-૮૦૦ ગ્રામ બ્યુટાકલોર ૫૦ ઈસી સક્રીય તત્વ મુજબ અથવા બેન્થીઓકાર્બ ૫૦ ઈસી.અથવા પેન્ડીમીથાલીન ૩૦ ઈસી એક એકરે ૪૦૦-૬૦૦ ગ્રામ છાંટવું.ખેતરમાં નિંદામણ નિયંત્રણ માટે રોપણી પછી ચાર દિવસમાં ખેતરમાં થોડુક પાણી હોય ત્યારે ઉપર મુજબના નિંદામણ નાશકને રેતી સાથે ભેળવીને પૂંકવા.

**પિયત વ્યવસ્થા** : રોપાણ ડાંગરમાં રોપણી સમયે ચાર આંગળ જેટલુ (૫-૭ સેમી.)પાણી કયારીમાં ભરાયેલુ હોવુ જોઇએ.,ફુટ સમયે ત્રણ આંગળા જેટલુ (૪-૫ સેમી.) પાણી કયારીમાં ભરાયેલુ હોવુ જોઇએ, કંઠી નિકળતી સમયે ચાર આંગળથી વધારે (૮-૧૦ સેમી.) પાણી કયારીમાં ભરાયેલુ હોવુ જોઇએ. કયારીમાં વધારે દિવસો પાણી ભરાય રહેતુ હોય તો નિકાલની વ્યવસ્થા કરવી. ઓરાણ ડાંગરમાં જો ચોમાસામાં વરસાદની ખેંચ હોય તો પુરક પિયત અચૂક આપવુ.



**જીવાત અને તેનું નિયંત્રણ** : ડાંગરની મુખ્ય જીવાતો જેવીકે પાન વાળનારી ઈયળ,ગાભ મારાની ઈયળ અને ચુસીયા છે. ડાંગરના રોગો જેવાકે સુકારો, બ્લાસ્ટ વગેરે છે.રોગ જીવાતોનુ પ્રમાણ ક્ષમ્ય માત્રા કરતા વધુ જણાય તો કૃષિ યુનિવર્સિટીની નીચે મુજબની ભલામણ પ્રમાણે પગલા લેવા.

૧. રોગ જીવાત પ્રતિકાર શકિત ધરાવતી જાતોની પસંદગી કરવી.

૨. રસાયણિક ખાતરો ભલામણ મુજબ જ વાપરવા

૩. ડાંગરની સમયસર રોપણી કરવી.

૪. ડાંગરના ખેતરમાં કરોડીયાની વસ્તી વધારવી.

૫. ડાંગરના મિત્ર કીટકો તેમજ પરભક્ષી,પરોપજીવી જીવાતોને ઓળખીને તેનુ સંવર્ધન કરવું.

૬. આડેધડ ભલામણ વગરની દવાઓનો છંટકાવ ન કરવો.

૭. પાન વાળનાર ઈયળનો વધુ ઉપદ્રવ હોય તો ફોસ્ફામીડોન-૮૫% ૦.૦૩ ટકા અથવા મોનોક્રોટોફોસ-૩૬ઈસી૦.૦૩૬ ટકા અથવા કાર્ટેપ ૫૦ટકા વે.પા. ૦.૩ કીલો સ.તત્વ/ હેકટર અથવા એસીફેટ-૭૫ ટકા એસ.પી. અથવા ટ્રાઈઝોફોસ-૪૦ઈસી ૦.૫૦ કીલો સ.તત્વ મુજબ છંટકાવ કરવો.

૮. ગાભમારાની ઈયળ માટે રોપણી પછીના ૨૫-૩૦દિવસે અને ૪૦-૪૫ દિવસે એમ બે વખત કાર્બોફ્યુરાન-૩જી હેકટરે ૨૫ કીલો અથવા કાર્ટેપ ૪જી હેકટરે ૨૦કીલો મુજબ આપવુ.

૯. સફેદ પીઠવાળા ચુસીયા માટે મોનોક્રોટોફોસ-૩૬ ઈસી ૦.૩૭૫ કીલો સ. તત્વ અને ડીડીવીપી-૭૬ ઈસી૦.૨૫ કીલો સ. તત્વ પ્રતિ હેકટર મુજબ છંટકાવ કરવો.

૧૦. લશ્કરી ઈયળના નિયણત્રણ માટે મિથાઈલ પેરાથીઓન ૨ ટકા ભૂકી અથવા કાર્બારીળ ૫ ટકા ભૂકી હેકટરે ૨૫ કીલો મુજબ છંટકાવ કરવો.

૧૧. ડાંગરના સુકારામાટે ૨૦ લીટર પાણીમા ૧ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકલીન અથવા ૪ ગ્રામ પોષામાયસીન સાથે ૧૦ ગ્રામ કોપર ઓકસીકલોરાઈડના દ્રાવણનો છંટકાવ કરવો.

૧૨. કરમોડી(બ્લાસ્ટ)ના નિયંત્રણ માટે કાર્બેન્ડીઝમ ૫૦% ભીજક દાણાદાર દવા અથવા એડીફેનફોસ ૫૦ ઈસી ૦.૦૫ % મુજબ રોગ દેખાય ત્યારે અને ત્યારબાદ જરૂર મુજબ ૧૦ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

૧૩. ગલત અંગારીયા માટે મેન્કોઝેબ અથવા કલોરોથેનીલ અથવા પ્રોપીકોનાઝોલનો ૦.૨૫ ટકા મુજબ છંટકાવ કરવો

**કાપણી** : ડાંગરની ભરેલી કંઠી પરેપુરી સુકાઈ જાય ત્યારે સવારના સમયે કાપણી કરવી.

**સરેરાશ ઉત્પાદન** :

| | |
|---|---|
| રોપાણ ડાંગરનુ એક એકરમાં ૧૦૦-૧૨૦ મણ ઉત્પાદન થાય છે | ઓરાણ ડાંગરનુ એક એકરમાં ૨૦-૨૫ મણ ઉત્પાદન થાય છે |

**વિવેકાનંદ સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ સર્વિસીસ.**
**શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ વડોદરા.**